ગાંધીનગરથી દર પહેલી અને સોળમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58000

Registered under RNI No. GUJGUJ/2014/58000 Permitted to post at SRO,GANDHINAGAR-382010 on 1st & 16th date of every month under Postal Regd No G-GNR-317 issued by SSP GNR valid up to 31-12-2017

# દયાનંદ ટાઈમ્સ પાક્ષિક

Dayanand times (Fortnightly) Gandhinagar

વર્ષ : ૨ ● અંક : ૨૧ ● તંત્રી : હરીશ રાણા ● સહતંત્રી : ગૌરાંગ રાણા ● તારીખ : ૦૧-૦૨-૨૦૧૬, સોમવાર R.N.I. No. GUJGUJ/2014/58000 ● કિંમત : રૂા. ૦.૫૦ ● પાના : ૪

### પૂ. સ્વામી સત્યપતિજી પરિવ્રાજકજીની અધ્યક્ષતામાં વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે

## અગ્નિહોત્ર પ્રશિક્ષણ કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારોહ સુસંપન્ન











**રોજડ**

પૂ. સ્વામી સત્યપતિજી પરિવ્રાજકજીની અધ્યક્ષતામાં વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ ખાતે ગત તા. ૩૦મી ડિસેમ્બરના રોજ બપોરે ૨ થી ૪ દરમ્યાન અગ્નિહોત્ર પ્રશિક્ષણ કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારોહ આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભારતભરના અનેક પ્રાન્તોમાંથી લગભગ ૧૨૫થી વધુ વિશિષ્ટ મહાનુભાવોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ અગ્નિહોત્ર પ્રશિક્ષણ કેન્દ્રનું ઉદ્‌ઘાટન પૂજ્ય સ્વામી સત્યપતિજી પરિવ્રાજક, શ્રીમતી અંજુ સુધીરજી મુંજાલ (દિલ્હી), ડૉ.હેમંત મુકરે (અમરાવતી), શ્રી રાકેશ જૈન (લુધિયાના), વાનપ્રસ્થા જયાબેન પોરિયા (યુ.કે.) દ્વારા સંપન્ન કરાયું હતું.

ઉદ્‌ઘાટન સમારંભ પૂર્વે પૂજ્ય આચાર્ય જ્ઞાનેશ્વરજીએ આમંત્રિત અતિથિઓને અગ્નિહોત્ર પ્રશિક્ષણ કેન્દ્રના નિર્માણ કાર્યમાં પોતાની આહૂતિ પ્રદાન કરનાર દાન-દાતાઓ અને વિશિષ્ટ મહાનુભાવોનો વિસ્તૃત પરિચર કરાવ્યો હતો.

ડૉ. કરુણાજી હેમંત મુરકે (અમરાવતી), શ્રીમતી અંજુ સુધીર મુંજાલ (દિલ્હી), શ્રી ધરમશીભાઈ પટેલ (મુંબઈ) શ્રી રાકેશ જૈન (લુધિયાના), શ્રી બલદેવજી સિસોદીયા (દહેગામ), ડૉ. રમેશ બંસલ (દિલ્હી), શ્રી મુકેશ આર્ય (રોહતક), શ્રી શાંતિભાઈ પટેલ (મુંબઈ), શ્રી ઘનશ્યામભાઈ માણેક (રાજકોટ), વાન. જયાબેન સી. પોરિયા (યુ.કે.), શ્રી સુરેશ ચાવડા (રાજકોટ), માતા ઈશ્વરદેવી (દિલ્હી), શ્રી જયંતીભાઈ પોકાર (મુંબઈ), શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ (અમદાવાદ), શ્રીમતી રાજ મલ્હોત્રા (નોયડા) વિશેષરુપે હાજર રહ્યા હતા.

પૂ. સ્વામી સત્યપતિજીના વરદ હસ્તે ઉદ્‌ઘાટકોના નામની શિલાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. શિલાના અનાવરણ બાદ ઉદ્‌ઘાટકોની સાથે પૂ. સ્વામીજીએ વૈદિક મંત્રોચ્ચાર સાથે દિપ પ્રજ્વલિત કરીને આ વિશેષ અગ્નિહોત્ર પ્રશિક્ષણ કેન્દ્રના ઉદ્‌ઘાટનની ઘોષણા કરી હતી.

તમામ આમંત્રિત અતિથિ મહાનુભાવોએ અગ્નિહોત્ર પ્રશિક્ષણ કેન્દ્રનું નિરિક્ષણ કર્યું હતું અને કેન્દ્રના પ્રથમ મજલે આવેલા પ્રદર્શનીની મુલાકાત લીધી હતી. આ પ્રદશર્નીમાં યજ્ઞ સામગ્રી માટે ઉપયોગમાં લેવામાં આવતી વિવિધ વનસ્પતિઓ, ઔષધિઓની માહિતી વિવિધ પ્રકારની સમિધાઓ, યજ્ઞ કુંડ, સ્રુવા, ધૃતપાત્ર, ચમચી, કટોરિઓ, વગેરેનું નિરિક્ષણ કર્યું હતું. બીજા મજલા ઉપર મુખ્ય કુંડ કે જ્યાં અખંડ યજ્ઞની અગ્નિ પ્રજ્વલિત રહેવાની છે તે તથા અન્ય ૮ યજ્ઞકુંડો કે જેનો ઉપયોગ પ્રશિક્ષણ આપવામાં માટે કરવાનો છે તેનું પણ નિરિક્ષણ આમંત્રિત મહાનુભાવોએ કર્યું હતું.

પોતાના પ્રતિભાવમાં આમંત્રિત અતિથિઓએ આ પ્રથમ અભૂતપૂર્વ આયોજનબધ્ધ અગ્નિહોત્ર પ્રશિક્ષણ કેન્દ્રની ભરપૂર પ્રશંસા કરી હતી.

અગ્નિહોત્ર પ્રશિક્ષણ કેન્દ્રના ઉદ્‌ઘાટન બાદ આચાર્ય જ્ઞાનેશ્વરજીએ 'યજ્ઞ કરવાની ઈચ્છા રાખનાર પરંતુ ન કરી શકનાર માટે એક અભૂતપૂર્વ યોજના'ની વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે આ કાર્યક્રમની વિશેષતા અને કેવી રીતે આમાં સહયોગ આપી શકાય તેની વિસ્તૃત જાણકારી પ્રદાન કરી હતી. એમણે અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, આજના યુગમાં જે વ્યક્તિ ઈચ્છા હોવા છતાં પણ યજ્ઞ કરી શકતા નથી તેઓ આ યોજનામાં સહભાગી બનીને પોતાની ઈચ્છાને પરિપૂર્ણ કરી શકે છે. ભારતભરમાંથી પધારેલા મંચસ્થ મહાનુભાવોએ પોતાના પ્રતિભાવ આપીને આ યોજનાની સફળતા માટે પોતાની શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

કાર્યક્રમનાઅંતમાં પૂજ્ય સ્વામી સત્યપતિજીએ યોજનાની સફળતા માટે ઈશ્વરને પ્રાર્થના કરી અને પોતાના આશિર્વચન આપ્યા હતા. અગ્નિહોત્ર પ્રશિક્ષણ કેન્દ્રના આ ઉદ્‌ઘાટન સમારોહના આ કાર્યક્રમની આભારવિધિ શ્રી સત્યનારાયણ જુઈવાલાજીએ કરી હતી.

## ચરોતર પ્રદેશ આર્યસમાજ ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો

**આણંદ**

આણંદ સ્થિત ચરોતર પ્રદેશ આર્યસમાજ છેલ્લા ૯૦ વર્ષથી અવિરત સામાજીક, ધાર્મિક અને રાષ્ટ્રીય કાર્યો કરી રહેલ છે. દર વર્ષે સંસ્થા સ્વતંત્રતા દિવસ અને પ્રજાસત્તાક દિનની અનોખી ઉજવણી કરતી આવી છે. તે મુજબ તા. ૨૬ જાન્યુઆરી,૨૦૧૬ને મંગળવારે ૬૭મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ 'દિકરીની સલામ દેશને નામ' ને સાર્થક કરતા સંસ્થામાં લગ્ન માટે આવેલી પ્રભુતામાં પગલા પાડનારી નાપાડ તળપદની કન્યા પટેલ શ્રુતિબેન કેતનભાઈના વરદ્‌હસ્તે પરંપરા અનુસાર કરવામાં આવ્યો. ત્યારબાદ રાષ્ટ્રધ્વજને સલામી આપીને સામૂહિક રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું.




આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલા, માનદ્‌મંત્રીશ્રી આર્કિ. અશોકભાઈ પટેલ, સહમંત્રીશ્રી ચંદુભાઈ પરમાર, અંતરંગ સભ્યો શ્રી રાજેન્દ્રસિંહ રાજ, શ્રી કેતનભાઈ પટેલ, શ્રી વિઠ્ઠલાભાઈ પરમાર તથા સંસ્થાના વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્ય, પં. કનુપ્રસાદ શાસ્ત્રી, શ્રી રાવજીભાઈભાઈ ભોઈ (રસોડા વિભાગ) તથા લગ્નમાં હાજર વરપક્ષ-કન્યાપક્ષના સગાં-સંબંધીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રીએ હાજર સૌને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવી હતી તથા ભારત માતાની રક્ષા કરવા દેશપ્રેમી બનવાની શીખ આપી હતી તથા પ્રભુતામાં પગલાં પાડનાર દિકરીને શુભાશીર્વાદ પાઠવીને શુભેચ્છા પાઠવી હતી.

### આર્યસમાજ, વડોદરા દ્વારા વડોદરાની જેલમાં સેન્ટ્રલ જેલમાં

## 'જીવનનું મહત્વ અને લક્ષ્ય' વિષય પર પ્રવચન યોજાયું

**વડોદરા**

ગત તા. ૨૪મી જાન્યુઆરી ૨૦૧૬ના રોજ આર્યસમાજ, વડોદરા દ્વારા વડોદરાની સેન્ટ્રલ જેલમાં જેલ સુપ્રિટેન્ડન્ટના સાથ અને સહકારથી જેલમાં રહેલા લગભગ ૧૫૦ જેટલા કેદી ભાઈઓ માટે 'જીવનનું મહત્વ અને લક્ષ્ય' વિષય પર આધ્યાત્મિક પ્રવચન યોજાઈ ગયું.

શ્રી ચંદ્રપ્રકાશ વારડેજીની અધ્યક્ષતામાં યોજાયેલા આ પ્રવચનમાં તેમણે મન શું છે ? મનનું મહત્વ ? મનને કેવી રીતે ચલાવવું ? જો મનને ચલાવતા ન આવડે તો પોતાના જીવનમાં કેટલું નુકશાન કે ગેરલાભ થાય તથા મનનો કઈ રીતે લાભ લેવો તે બાબતે વિવિધ દ્રષ્ટાંતો દ્વારા પ્રેરણાના પિયુષ પાયા હતાં. આ ઉપરાંત તેમણે ક્રોધને કેવી રીતે જીતવો, ક્રોધથી થતી હાનિ તથા તથાકથિત ધર્મ-અધ્યાત્મના નામે પાખંડી ધર્મગુરુઓ દ્વારા ચલાવાતા અને ફેલાવવામાં આવતા અનેક વહેમો, અંધશ્રદ્ધાઓ તથા મહર્ષિ દયાનંદે પોતાના જીવનમાં આવા વહેમો, અંધશ્રદ્ધાનો કળ શીતે પ્રતિકાર કર્યો હતો તેનું રસપૂર્વક વર્ણન દ્રષ્ટાંતો સહિત પ્રસ્તુત કર્યું હતું.

આર્યસમાજ વડોદરાના પ્રધાન શ્રી આર.પી. વર્માજીએ તેમના અત્યંત ટૂંકા પ્રવચનમાં 'પ્રાયશ્ચિત અને પ્રશ્યાતાપ' શબ્દનો અર્થ સમજાવ્યો હતો. શ્રી ભગવાનસ્વરૂપજીએ ઈશ્વર ન્યાયકારી છે, તે વિશે પ્રશ્નોત્તરના માધ્યમથી ઈશ્વર વિષયક જ્ઞાન આપ્યું હતું. શ્રીમતી લીલીબહેન પટેલે ગાયત્રીમંત્રમાં આવતા 'અમારી બુદ્ધિને સન્માર્ગ તરફ પ્રેરિત કરો' એને વિષય બનાવીને ઉત્તમ બુદ્ધિબળ પ્રાપ્ત કરી ઉત્તમ કર્મ કરવાની તથા તે માટે નિયમિત સ્વાધ્યાય, સત્સંગ અને ઈશ્વરની ઉપાસના કરવાની પ્રેરણા આપી હતી. શ્રી ભરતભાઈ પટેલે 'ફૂલો કે બદલે મેં તૂ કાંટે સજા રહા હૈ' એ ભક્તિ ગીત પ્રસ્તુત કર્યું હતું.

કાર્યક્રમને અંતે જેલમાં ફરજ બજાવતા અધિકારીગણ, કર્મચારીગણ તથા જેલના દરેક કેદી ભાઈઓને 'પ્રાચિન વૈદિક સિદ્ધાંત'ની પુસ્તિકા આર્યસમાજ, વડોદરા તરફથી નિઃશુલ્ક વિતરિત કરવામાં આવી હતી. આ ઉપરાંત બ્રહ્મવિજ્ઞાન, સુખી ગૃહસ્થ, મૃત્યુ-[illegible] ઉપાય, અંધશ્રદ્ધાનું વેપારીકરણ જેવી લગભગ દસથી વધુ પુસ્તકો જેલની લાયબ્રેરી માટે ભેંટ તરીકે આપવામાં આવી હતી જેથી જેલના કેદી ભાઈઓ તેનો લાભ મેળવી શકે.

વડોદરાની મધ્યસ્થ જેલના સૌ અધિકારીગણ તથા કર્મચારીગણનો આ કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડવા માટેની સઘળી વ્યવસ્થા, આયોજન કરવા તથા સાથ-સહકાર આપવા બદલ આર્યસમાજ, વડોદરા દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો એમ એક અખબારી યાદીમાં આર્યસમાજ, વડોદરાના અધ્યક્ષ શ્રી રાજેન્દ પાલ વર્માએ જણાવ્યું હતું.

તંત્રી સ્થાનેથી....

## મામલો દલિત વિદ્યાર્થીની આત્મહત્યાનો !

હૈદ્રાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીના એક દલિત વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લેતાં તેને રાજકીય રંગ અપાઈ રહ્યો છે. યુનિવર્સિટીઓ હવે આમે ય રાજકીય અખાડા બની ગઈ છે. વિવિધ રાજકીય પક્ષો, દરેક ક્ષેત્રમાં પોતાની પાંખો શરૂ કરે છે તેમાં વિદ્યાર્થી સંગઠનો પણ ઉભા કરે છે. તે સાથે જ્ઞાતિવાદી સંગઠનો પણ વિદ્યાર્થીઓમાં ઉભા થાય છે. હૈદ્રાબાદ યુનિવર્સિટીમાં આંબેડકર સ્ટુડન્ટસ યુનિયન નામે દલિત વિદ્યાર્થીઓનું એક સંગઠન કાર્યરત છે. આ સંગઠન દલિતોના હિત માટે કામ કરતું હોય ત્યાં સુધી ઠીક છે પણ તેની દલિતોને સંબંધિત ન હોય તેવી બીજી રહસ્યમય પ્રવૃતિઓ પણ છે, જે રાષ્ટ્રહિત સાથે બંધ બેસતી નહીં હોવાની વાતો માધ્યમોમાં ચમકી છે.

મુંબઈની જેલમાં યાકુબ મેમણને જ્યારે ફાંસીની સજા થઈ ત્યારે આંબેડકર સ્ટુડન્ટસ યુનિયને યાકુબને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજ્યો હતો. દલિતોને યાકુબ સાથે શું લેવા દેવા હોઈ શકે ? આ દલિત સંગઠને યાકુબની 'અંતિમ યાત્રા' કાઢવાનું નાટક પણ કર્યું હતું અને 'મુઝફ્ફરનગર બાકી હૈ' નામની દસ્તાવેજી ફિલ્મનો શો પણ રાખ્યો હતો.

આવી પ્રવૃતિ કોઈ પણ રાષ્ટ્રપ્રેમીને ખટકે તે સ્વાભાવિક છે. વિવિધ સંગઠનોની જેમ હૈદ્રાબાદ યુનિવર્સિટીમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ પણ કાર્યરત છે. આ સંગઠન પોતાના રાષ્ટ્રવાદ માટે જાણીતું છે. યાકુબ મેમણ જેવા અદાલતમાં દેશદ્રોહી સાબિત થઈ ચૂકેલા ગદ્દારની તરફેણમાં કોઈ પ્રવૃતિ થતી હોય તો કોઈપણ રાષ્ટ્રપ્રેમીનો જીવ કકળી ઉઠવાનો. યાકુબની તરફેણમાં યોજાયેલા કાર્યક્રમોના વિરોધમાં વિદ્યાર્થી પરિષદે વિરોધી કાર્યક્રમનું આયોજન કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. દલિત વિદ્યાર્થીઓથી આ સહન નહીં થતાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર હુમલો કરાયો હોવાનો આક્ષેપ થાય છે. એ માટે પાંચ દલિત વિદ્યાર્થીઓ તરફ આંગળી ચિંધાય છે. જો કે, તત્કાલિન વાઈસ ચાંસેલરે ઘટનાની તપાસ માટે નીમેલી સમિતિએ આમાં દલિત વિદ્યાર્થીઓ જવાબદાર નહીં હોવાનો અહેવાલ આપ્યો હતો. પણ તેથી વાત પૂરી થતી નહોતી. રાષ્ટ્રવિરોધી કહી શકાય તેવી પ્રવૃતિ અને હુમલા જેવી ઘટનાની તપાસ યુનિવર્સિટીની તપાસ સમિતિ કરતાં પોલીસ અથવા કોઈ ન્યાયિક સમિતિ દ્વારા થવી જોઈએ.

કેન્દ્ર સરકારમાં આંધ્રપ્રદેશના પ્રતિનિધિ શ્રમ પ્રધાન બાંદારૂ દત્તાત્રય અને માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાનીનો સંપર્ક સાધી તેમની સમક્ષ રજૂઆત કરવામાં આવી. તેના પગલે કેન્દ્રમાંથી યુનિવર્સિટીને હુમલા માટે જવાબદારો સામે પગલા લેવાની સૂચના અપાઈ. દરમિયાન યુનિવર્સિટીના ચાંસેલર બદલાઈ ગયા હતા. કેન્દ્રની સૂચનાનો સીધો અમલ નહીં કરતાં નવા વાઈસ ચાંસેલરે બીજી સમિતિ રચી અને અહેવાલ મેળવ્યો. આ સમિતિએ હુમલા માટે પાંચ વિદ્યાર્થીઓને જવાબદાર ઠેરવ્યા. પરિણામે વાઈસ ચાંસેલરે આ પાંચે વિદ્યાર્થીઓને વિદ્યાર્થી હોસ્ટેલમાંથી સસ્પેંડ કરી દીધા અને તેમને હોસ્ટેલમાં પ્રવેશબંધી ફરમાવી. આ આદેશના વિરોધમાં સસ્પેંડેડ વિદ્યાર્થીઓ કેમ્પસમાં જ તંબુ બાંધીને રહેવાનું શરૂ કર્યું. દરમિયાન રોહિત વેમુલા નામના એક વિદ્યાર્થીએ ગમે તે કારણે આત્મહત્યા કરી લેતાં સમગ્ર ઘટનાને ગંભીર વળાંક મળ્યો છે.

વિદ્યાર્થીઓને સસ્પેંડ કરવાનો આદેશ કેન્દ્રીય મંત્રી દત્તાત્ર્યની સૂચનાના પગલે થયેલી તપાસ પછી અપાયો હોઈ વેમુલાના સમર્થકોએ તેને આત્મહત્યા માટે મજબૂર કર્યાની પોલીસ ફરિયાદ શ્રમ મંત્રી દત્તાત્ર્ય વિરૂદ્ધ નોંધાવી. આ ઘટનામાં બે સમિતિઓ નીમાઈ અને બન્નેના અહેવાલ જાુદા જાુદા આવ્યા છે. સમિતિઓ નીમનાર ચાંસેલર પણ જાુદા જાુદા હતા. એક પ્રધાન પાસે રાષ્ટ્ર વિરોધી વ્યક્તિ સાથે સંકળાયેલી ઘટના વિશે રજાુઆત આવે ત્યારે તેની તપાસનો તેઓ આદેશ આપે તેને પોલીસે ગુનો માની લીધો કે માની લેવો પડ્યો. કેમ આ ઘટનામાં એક દલિતે આત્મહત્યા કરી હતી. વેમુલાએ આત્મહત્યા કરી તે બેશક એક દુઃખદ ઘટના હતી. પણ તેણે આ પગલું ભર્યું તેની પાછળ કોઈ અન્યની ઉશ્કેરણી હોવાની સંભાવના નકારી શકાય તેમ નથી. આત્મહત્યા પાછળ બતાવાયું છે તે સિવાય પણ કોઈ કરાણ છે કે કેમ તે પણ તપાસનો વિષય છે. દલિત વિદ્યાર્થીઓને યાકુબ મેમણ સાથે શું સંબંધ હતો તેની તપાસ પણ થવી જરૂરી છે. દેશના બીજા કોઈ વિસ્તારમાં ક્યાંય દલિતોને યાકુબ પ્રત્યે પ્રેમ નથી દેખાયો અને મુસ્લિમ સાંપ્રદાયિકતા સાથે સંકળાયેલા વિસ્તારમાં જ કેમ દેખાયો ?

દલિત હિન્દુ છે. હિન્દુ સમાજમાં તેમને અસંતોષ છે એટલે ઘણા દલિતોએ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો છે. પણ ઈસ્લામ સ્વીકાર્યાની ઘટનાઓ નહીંવત બની છે. કોઈ પોતાની ઈચ્છાથી ઈસ્લામ સ્વીકારે તેની સામે પણ વાંધો ન લઈ શકાય. પણ યાકુબ મેમણ જેવા અદાલતમાં દેશદ્રોહી

સાબિત થઈ ચૂકેલાની આટલી તરફેણ થાય તે વાંધાસ્પદ ઘટના છે. મુસ્લિમ સમાજમાં પણ યાકુબની જાહેરમાં તરફેણ ભાગ્યે જ ક્યાંક થઈ છે. હૈદ્રાબાદમાં અને તેય દલિતોમાં આ થયેલી આ તરફેણ ચિંતાસ્પદ છે. આ વિસ્તાર પહેલેથી જ સાંપ્રદાયિક દૃષ્ટિકોણથી સંવેદનશીલ છે. આ ઘટના પરથી એક નવું ચિત્ર સામે આવી રહ્યું છે. દલિતોનું બ્રેઈન વોશીંગ કરવાનું ષડયંત્ર હૈદ્રાબાદ વિસ્તારમાં દેખાઈ રહ્યું છે. હિન્દુ સમાજે આમાં જાગૃત થવાની જરૂર છે. ગુજરાત જેવા રાજ્યમાં અસ્પૃશ્યતાનું દુષણ પ્રમાણમાં ઘણું નાબુદ થઈ ગયું છે પણ યુપી-બિહાર જેવા કેટલાક રાજ્યોમાં આ દુષણ હજાુ પણ વ્યાપક પ્રમાણમાં છે. હવે તેમાં આંધ્ર-તેલંગણા પણ તેમાં સામેલ હોવાનું દેખાઈ રહ્યું છે. અસ્પૃશ્યતા અમાનવીય છે. તેની સંપૂર્ણ નાબુદી આવશ્યક છે. હિન્દુ સમાજે સર્વપ્રથમ પોતાના દામન પર રહ્યો સહ્યો આ દાઘ સાફ કરવા પ્રથમ પ્રવૃત થવાની જરૂર છે. પોતાના બાંધવોને હિન્દુ સમાજે સાચવવા જ રહ્યા. જાતિગત અવગણનાના કારણે કોઈ ધર્મ પરિવર્તન કરે તે તો ખરાબ છે જ પણ તે દેશદ્રોહીઓના સમર્થક બને તે તો એથી યે વધુ ખરાબ છે.

# વેદજ્ઞ-બ્રહ્મજ્ઞાની ઉપાસક જ્ઞાનાગ્નિથી બધા પાપોના સંસ્કારને ભસ્મ કરી નાંખે છે

**उपह्वरे गिरीक्षणां संगमे च नदीनाम् ।**
**धिया विप्रो अजायत ॥**
**ऋ. ૮/૬/૨૮**

ઉપાસના કરવા માટે કોઈ દેશ, દિશા તેમજ કાળ આદિ માટે શાસ્ત્રએ કોઈ વિશેષ નિયમ બતાવેલ નથી. પ્રત્યેક સમય ભગવાનનું સ્મરણ કરવું ઉત્તમ છે, પ્રશસ્ત છે. ઉપાસના કરવાનો મુખ્ય ઉદ્દેશ ચિત્તની એકાગ્રતા માટે પ્રયાસ કરવાનો છે. આ માટે જે દેશ-કાળ આદિ ઉચિત હોય, ત્યાં ઉપાસના કરવી જોઈએ. જોકે શ્વેતાશ્વતર ઉપનિષદમાં યોગ=ઉપાસના કરવા માટે વિશિષ્ટ સ્થાનનો નિર્દેશ છે. ત્યાં બતાવવામાં આવેલ છે - જે સમ છે,ખાડા-ટેકરાવાળી ઉબડ-ખાબડ નથી, શુદ્ધ છે, કાંકરા-રેતી-અગ્નિથી રહિત છે, શબ્દ, જળ તથા નિવાસ આદિથી મનને અનુકૂળ સુરમ્ય એકાન્ત પ્રદેશ છે તે ઉપાસના આદિને અનુકૂળ હોય છે. આ પ્રકારનો નિર્દેશ કરવાનો હેતુ ચિત્તની એકાગ્રતા કરવાનો જ છે. મુખ્ય લક્ષ્ય ચિત્તની એકાગ્રતા માટે જે કોઈ સ્થાન અનુકૂળ પ્રતીત થાય તે જ ઉપાસના માટે ઉપયુક્ત ગણી શકાય.

પર્વતીય એકાન્ત પ્રદેશ તથા નદીઓના સંગમ-સ્થળો પર મેધાવી ઉપાસક શુદ્ધ અંતઃકરણથી પરબ્રહ્મની ઉપાસના માટે નિવાસ કરે છે. એકાન્ત પ્રદેશના પ્રાકૃતિક દિવ્ય દૃશ્યો બ્રહ્મ ચિંતનમાં એકાગ્રતા માટે સહાયક થતા હોય છે. આ ભાવનાને સાંખ્યદર્શન. ૬/૩૧ માં કહ્યું છે - 'न स्थाननियमश्चित्तप्रसादात्' - ઉપાસના, નિદિધ્યાસન તેમજ સમાધિ-લાભ માટે સ્થાનનો કોઈ નિયમ નથી. તેનું મુખ્ય લક્ષ્ય ચિત્તનો પ્રસાદ અર્થાત ચિત્તની એકાગ્રતા બનાવવી છે. તેના માટે જે કંઈ અનુકુળ સ્થાન, સમય આદિ હોય તે ઉપાસના અર્થે ઉપયુક્ત છે.

મનોનુકૂળ સ્થાન અથવા તો પર્વતોના નિકટવર્તી સ્થાનો તથા નદીઓના સંગમ-સ્થળો પર જઈ જો ઉપાસક મનને વશીકારપૂર્વક ઈશ્વર ચિંતન કરે તો તેને ઉત્તમ 'ધી' (પ્રજ્ઞા=બુદ્ધિ=જ્ઞાન) પ્રાપ્ત થાય છે. આ બુદ્ધિ ઉપાસકને સામાન્ય ધરાતળથી ઉંચે ઉઠાવી વિપ્રોની શ્રેણીમાં સ્થિત કરી દે છે. નિઘંટુ અનુસાર विप्र इति मेघावी नाम - મેધાવી પુરુષોની વિપ્ર સંજ્ઞા છે. રાજર્ષિ મનુએ નિમ્ન શ્લોક દ્વારા આ વૈદિક તથ્યનું સમર્થન કરેલ છે -

**अपां समीपे नियतो नैत्यं**
**विधिमास्थितः ।**
**सावित्रीमप्यधीयीत**
**गत्वारण्यं समाहितः ॥**

**➡ બ્રહ્મની ઉપાસના એટલા માટે જ કરવામાં આવે છે કે ઉપાસકને બ્રહ્મ જ્ઞાન પ્રાપ્ત થઈ જાય.**

**➡ ઈશ્વર સાક્ષાત્કાર માટે એક જીવન તો શું, અનેક જીવન પણ લગાવવામાં આવે તો પણ સોદો સસ્તો છે.**

'જંગલમાં જઈ, કોઈ જળાશય નજીક બેસી ગાયત્રીનો જપ નિત્ય કરવો જોઈએ.' બ્રહ્મની ઉપાસના એટલા માટે જ કરવામાં આવે છે કે ઉપાસકને બ્રહ્મ જ્ઞાન પ્રાપ્ત થઈ જાય. જયાં સુધી બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ ન જાય ત્યા સુધી ઉપાસકે નિરંતર

**..વેદવાણી**
**સંકલન : આચાર્ય ઉદયવીર શાસ્ત્રી**

ઉપાસના કરતા રહેવું જોઈએ. ઉપાસના આશ્રમ અનુસાર કરવી આવશ્યક છે. બ્રહ્મચર્ય-આશ્રમમાં અધ્યયન અને અન્ય દૈનિક આવશ્યક ચર્યાને સંપન્ન કરતા નિયત ઉપયુક્ત ઉપાસનામાં સમય આપવો જોઈએ. ગૃહસ્થીઓ માટે ઋષિ દયાનંદે સાધારણરુપે ઓછામાં ઓછો સવાર-સાંજ એક એક કલાક સંલગ્ન રહેવાનું લખેલ છે. વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમીઓએ પોતાનો અધિક સમય ઈશ્વર ઉપાસના કરવામાં લગાવવો જોઈએ. નિત્યપ્રતિ ઉપાસના ક્યાં સુધી કરવી ? આ માટે દિવસ, માસ કે વર્ષ નિયત નથી કે આટલો જ કાળ ઉપાસના કરવી. આ માટે સમસ્ત જીવન પણ કેમ ન લાગી જાય ઈશ્વરોપાસના કદી છોડવી ન જોઈએ. આમાં કોઈ છુટ્ટી હોઈ શકે નહિ. ઈશ્વર સાક્ષાત્કાર માટે એક જીવન તો શું, અનેક જીવન પણ લગાવવામાં આવે તો પણ સોદો સસ્તો છે. તાત્પર્ય એ જ કે બ્રહ્મ સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી શ્રદ્ધા તેમજ સત્કારપૂર્વક નિરંતર ઉપાસના કરવી અપેક્ષિત છે. આમાં કાળનો કોઈ નિયમ નથી.

નિરંતર નિદિધ્યાસન અને ઉપાસના આદિના અભ્યાસથી બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ જાય છે. આથી ઉપાસક જીવનમુક્ત થઈ જાય છે. આ અવસ્થામાં બ્રહ્મજ્ઞાની દ્વારા કોઈ પાપ થવાની સંભાવના રહેતી નથી. પાછળ કરેલા પાપના સંસ્કારો જ્ઞાનાગ્નિથી દગ્ધ થઈ જાય છે. છાંદોગ્ય ઉપનિષદ (૪/૧૪/૩) માં બતાવેલ છે - 'यथा पुष्करपलाश आपो न श्लिष्यन्त एवमेवंविदि पापं कर्म न श्लिष्यते' - 'જેમ કમળના પાંદડા પર જળ રહેતું નથી તેમ બ્રહ્મજ્ઞાનીને પાપ પણ સ્પર્શી શકતું નથી.' પાછળ કરેલા પાપના સંસ્કારોના વિનાશ સંબંધમાં છાંદોગ્ય (૫/૨૪/૩) નું કથન છે - 'तद्यथेषीकातूलमग्नौ प्रोतं प्रदूयेतैवं हास्य सर्वे पाप्मान प्रदूयन्ते' - 'જેમ સીંક પર કોઈ રુ-સમાન ફૂલ આગમાં નાંખતા જ ભસ્મ થઈ જાય છે તેમ આ બ્રહ્મજ્ઞાનીના બધા પાપના સંસ્કારો નષ્ટ થઈ જાય છે.' મનુસ્મૃતિ (૧૧/૨૪૬) માં દર્શાવેલ છે -

**यथधस्तेजसा वह्निः प्राप्तं निर्दहति क्षणात् ।**
**तथा ज्ञानाग्निना पापं सर्वं दहति वेदवित् ॥**

'જેમ અગ્નિ પોતાના તેજથી પ્રાપ્ત થયેલ ઈંધનને ક્ષણમાં બાળી નાંખે છે તેમ જ વેદજ્ઞ-બ્રહ્મજ્ઞાની ઉપાસક જ્ઞાનાગ્નિથી બધા પાપોના સંસ્કારોને ભસ્મ કરી નાંખે છે.' પાપ-પુણ્ય કર્મો સાંસારિક દુઃખ-સુખના જનક હોય છે. સર્વાન્તરયામી પરબ્રહ્મનો સાક્ષાત્કાર થઈ જવાથી ઉપાસકના સમસ્ત અજ્ઞાનરૂપી સંસ્કારો ક્ષીણ થઈ જાય છે અને અંતે નિર્બાધ બ્રહ્માનંદ પ્રાપ્ત કરી જીવન-મૃત્યુના બંધનથી છૂટી જાય છે.

**ઉપદેશ કથા**

## શિયાળની જેમ ચતુર બનો

કોઈ એક વનમાં ખરનખર નામનો એક સિંહ રહેતો હતો. તે ઘણો વૃદ્ધ અને અશક્ત થઈ ગયો હતો. તે શિકાર કરવામાં પણ અસમર્થ બની ગયો હતો. કોઈવાર તો એવો દિવસ પસાર થઈ જતો કે તેને ભૂખ્યા સુવા મજબુર થવું પડતું હતું. એક દિવસ સવારથી સાંજ સુધી ભટકવા છતાં પણ કોઈ શિકાર ન મળ્યો ત્યારે તે ભૂખથી વ્યાકુળ અને નિરાશ થઈ પોતાના ઘર તરફ પાછો વળતો હતો. રસ્તામાં તેણે એક ગુફા જોઈ, ગુફાને જોતાની સાથે તે અટકી ગયો. તે વિચારવા લાગ્યો કે આ ગુફાની અંદર કોઈ જાનવર ચોક્કસ રહેતું હશે. આની અંદર છૂપાઈ જાઉં અને આમાં રહેતા જાનવરને જેવું તે ગુફામાં પ્રવેશ કરશે કે તરત જ તેને મારો શિકાર બનાવી દઈશ. આમ વિચારીને સિંહ ગુફાની અંદર ઘૂસી સંતાઈ ગયો અને પોતાના શિકારની પ્રતિક્ષા કરવા લાગ્યો.

તે ગુફામાં દધિપુચ્છ નામનું એક શિયાળ રહેતું હતું. તે બહુ જ ચાલાક અને હોંશિયાર હતું. જ્યારે સાંજ થઈ ત્યારે તે પોતાની ગુફા તરફ ચાલવા લાગ્યું. દધિપુચ્છે પોતાની ગુફાની બહાર સિંહના પંજાના નિશાન જોયા. તેણે વિચાર્યું કે સિંહના પંજાના નિશાન અંદર ઘૂસવાના તો દેખાય છે પરંતુ બહાર નીકળવાના દેખાતા નથી. દધિપુચ્છ શિયાળે નિશ્ચિત માની લીધું કે તેની ગુફાની અંદર ચોક્કસ સિંહ છૂપાઈને બેઠો છે.

શિયાળ વિચારવા લાગ્યું-સિંહ આજે તેને પોતાનું ભોજન બનાવવા માટે જ તેની ગુફામાં સંતાઈને બેઠો છે. લાંબો વિચાર કર્યા પછી તેને પોતાના નિશ્ચયની ખાતરી કરવા ગુફાની બહાર ઉભા-ઉભા જ કહ્યું- "અરે ગુફા, શું હું અંદર આવું ?" આમ બોલી તે થોડીક ક્ષણ માટે મૌન થઈ ગયો. ગુફાની અંદરથી કોઈ અવાજ ન આવ્યો. સિંહ પણ શિયાળનો અવાજ સાંભળી ચૂપચાપ બેઠો રહ્યો.

"અરે ઓ ગુફા, આજે શું વાત છે, દરરોજ તો તું મને અંદર બોલાવે છે. આજે શું થયું છે, કેમ તું બોલતી નથી. જો તારે મને ન બોલાવવો હોય તો ન બોલાવ, હું બીજી ગુફામાં જાઉ છું"

સિંહ વિચારવા લાગ્યો કે કદાચ ગુફાની અંદર નિવાસ કરવાવાળા આ શિયાળને ગુફા રોજ અવાજ કરી બોલાવતી હશે, પરંતુ આજે તે મારા ભયથી મૌન છે. લાવને આજે એને હું જ બોલાબોલાવી લઉં. આમ વિચારી જેવા સિંહે તેને અંદર આવવા માટે અવાજ કર્યો કે તુરત દધિપુચ્છ શિયાળ એમ કહી દૂર ઉભો રહ્યો-"અરે મૂર્ખ સિંહ, વનમાં રહેતો તો હું ઘરડો થયો, પરંતુ મેં કદી ગુફા બોલતી સાંભળી નથી."

સિંહ જ્યારે ગુફાની બહાર આવ્યો. ત્યારે દધિપુચ્છ શિયાળ ઘણું દૂર જતું રહ્યું હતું. સિંહ પોતાની મૂર્ખતાના કારણે હાથ મસળતો રહી ગયો.

(**શિક્ષા :** દરેક વ્યક્તિએ શિયાળની જેમ હંમેશા સતર્ક થઈ સમજી-વિચારીને કાર્ય કરવું જોઈએ જેથી આવનાર સંકટને નિવારી શકાય.)

# શિયાળાની ઋતુમાં આરોગ્યવર્ધક તલનો છૂટથી ઉપયોગ કરો

**➡ તલમાં જુનો ગોળ મેળવેલી તલપાપડી કબજીયાત દુર કરનાર છે.**

**➡ રાત્રે પથારીમાં પેશાબ કરવાની ટેવવાળા બાળકોને કાળા તલ અને મુળા ખવડાવાય છે.**

શરીરને નિરોગી રાખવું કે રોગી બનાવવું તે મનુષ્યના હાથની વાત છે. શરીરને હિત શું છે અને અહિત શું છે તેનો વિવેક જો મનુષ્ય ન કરે તો રોગોનો જન્મ થાય છે. કારણ કે રોગો થવાનું મુખ્ય કારણ મિથ્યા આહાર જ છે. દરેક મનુષ્યએ પોતાની પ્રકૃતિને માફક આવે એવો પોષક અને સમતોલ સાત્વિક આહાર લેવો જોઈએ. દરેક ઋતુની આબોહવા અલગ અલગ હોવાથી શરીર પર તેની જુદી જુદી અસર થાય છે. અને તેથી જ ઋતુ પ્રમાણે આહારમાં પણ ફેરફાર કરવો જરૂરી છે. શિયાળાની ઋતુમાં જઠરાગ્નિ પ્રદિપ્ત થતી હોય છે. તેથી આહાર માં મધુર અને સ્નિગ્ધ પદાર્થ લેવા જોઈએ. સામાન્યતઃ શિયાળામાં ધી, ગોળ, તલ, મગફળી, સુખડી અડદિયા ઈત્યાદિ ખાવા જોઈઅદ. આજે આપણે તલની ઉપયોગીતા વિશે વાત કરીશું.

તલ શબ્દ ઉપરથી જ તેલ શબ્દ પ્રચલિત થયો છે. તલના વાવેતર અને અને ઉત્પાદનમાં ભારત વિશ્વમાં અગ્રસ્થાને છે. તલનું મુળ વતન આફ્રિકા હોવાનું મનાય છે. ભારતમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, આંધ્ર, તામિલનાડુ, ગુજરાત, મહારાષ્ટ્ર ઓરીસ્સા, અને મ્હેસુરમાં તલનો સારામાં સારો પાક થાય છે.

તલના ત્રણ પ્રકાર છે. કાળા, ધોળા અને રાતા. આ સધળા પ્રકારનાં તલોમાં આયુર્વેદે કાળા તલને શ્રેષ્ઠ કહ્યાં છે. ત્યારબાદ ધોળા તલને મધ્યમ અને રાતાં તલને હીન ગુણવાળા ગણ્યાં છે. જંગલી અડદ, મગ અને ચણાની જેમ ધોળા તલને સાકારની ચાસણી સાથે મેળવી તેની રેવડી બનાવવામાં આવે છે. તે ઉપરાંત તલને અધકચરા ખાંડી તેની સાની (કચરીયું) પણ બનાવવામાં આવે છે, જે ખુબ જ પૌષ્ટિક ગણાય છે. શેકેલા તલ રોજીંદા વપરાશમાં મુખવાસ તરીકે પણ વપરાય છે. તે ઉપરાંત સ્વાદિષ્ટ વાનગીઓના આકર્ષક દેખાવ માટે તલનો ઉપયોગ કરવામાં આવે છે.

તલનો ઔષધિ તરીકે ઉપયોગ : સવારના પહોરમાં બે મુઠ્ઠી તલ ચાવીને ખાવાથી શરીરને બળ અને પોષણ મળે છે અને દાંત મજબુત બને છે. તેમજ દુઝતા હરસ નાશ પામે છે. તલમાં ચુનાનું પ્રમાણ ખુબ હોવાથી નાના બાળકો માટે પોષણ યુકત ગણાય છે. દરરોજ તલની ચીકી કે તલસાંકળી બાળકોને આપવાથી બાળકો પુષ્ટ થાય છે. તલમાં જુનો ગોળ મેળવેલી તલપાપડી કબજીયાત દુર કરનાર છે. રાત્રે પથારીમાં પેશાબ કરવાની ટેવવાળા બાળકોને કાળા તલ અને મુળા ખવડાવાય છે.

દાઝેલા ભાગ ઉપર તલને વાટી ઘી અને કપુર સાથે લેપ કરવાથી કે પછી કકડાવેલું તલનું તેલ ચોપડવાથી ફાયદો થાય છે. શરીરના કોઈપણ ભાગમાં થતાં ભયંકર દાહ-બળતરામાં દૂધમાં તલ વાટીને આછો લેપ કરવાથી ત્વરિત શાંતિ થાય છે. તરતના થયેલા ઘા કે પછી રુઝ ન આવતી હોય તેવા ઘા પર પીસેલા તલમાં મધ અને ઘી મેળવીને ચોપડવાથી બીજા અનેક સિદ્ધ ઔષધો કરતાં જલ્દી ફાયદો થાય છે. શિયાળામાં ફાટેલા હાથ, પગ, ગાલ અને હોઠ પર તલનું તેલ ચોપડવાથી ફાયદો થાય છે. આ ઋતુમાં નવજાત શિશુથી માંડી વૃદ્ધ વ્યકિતઓ પણ જો તલના તેલની નિયમિત માલિશ કરે તો તે ચામડી ઉપરાંત સમગ્ર શરીર માટે ગુણકારી છે. તલ એ રોજીંદી સર્વસામાન્ય વપરાશની ચીજ છે. હાલમાં તલનું તેલ ઓછુ પ્રચલિત છે. પરંતુ એક સમય એવો હતો કે તલના તેલ સિવાય બીજુ તેલ વપરાતું જ ન હતું. આમ, શિયાળાની ઋતુમાં તલ અને તેની બનાવટો તથા તલના તેલનો છુટથી ઉપયોગ કરવો જોઈએ.

**દયાનંદ ટાઈમ્સ પાક્ષિક**

આપ આપના કાર્યક્રમોની પ્રેસનોટ તથા ફોટોગ્રાફ ઈ-મેઈલથી પણ મોકલાવી શકો છો..........

E-mail
dayanandtimes@gmail.com
agnipathgnr@gmail.com

શુભેચ્છક વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-

મનીઓર્ડર મોકલવાનું સરનામું
: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક,
સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૧.
મો. - ૯૪૨૮૪-૨૨૨૮૬

## આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ દ્વારા મુંબઈ પાટીદાર વાડી ખાતે આયોજીત મહાયજ્ઞમાં

# પાટીદાર સમાજનું ગૌરવ આચાર્યા ડૉ. શિતલબેન પોકારનું ભવ્ય સન્માન કરાયું

મુંબઈ

પરમપિતા પરમાત્માની અસીમ કૃપાથી આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ દ્વારા આર્ષ કન્યા ગુરુકુળના નિર્માણ તથા ગૌશાળાના લાભાર્થે યોજાયેલા મહાયજ્ઞ તથા ભવ્ય ડાયરો પાટીદાર વાડી ઘાટકોપર ખાતે ગત તા. ૫મી જાન્યુઆરીના રોજ સફળતા સાથે સંપન્ન થયો.

આ કાર્યક્રમમાં મુંબઈના પરાઓ બોરીવલી, દહીંશર, મલાડ, અંધેરી, ઘાટકોપર, થાણા, મુલુંડ, ડોંબીવલી, ખારઘર વગેરેથી અનેક પરિવારોની મહાયજ્ઞમાં ઉપસ્થિતિ તથા અમુલ્ય ફાળો પ્રેરણા તથા ઉત્સાહમાં વૃદ્ધિ કરનારો રહ્યો હતો.

આ ૧૧ કુંડી મહાયજ્ઞમાં મુખ્ય યજમાન તરીકે આર્યવનના પ્રમુખ મનસુખ ધનજી વેલાણી તથા આર્ય કન્યા ગુરુકુળના આચાર્ય શિતલબેન, પાર્વતીબેન નારણ સાખલા સાથે આચાર્ય શિતલબેનના પિતાશ્રી જશવંતભાઈ ઉપરાંત રતનસીભાઈ તથા છગનભાઈ દેવશી વાડિયા મુખ્ય કુંડ ઉપર આહુતિ પ્રદાન કરવા બિરાજમાન હતા. અનેક પરાવાસીઓ બાકીના ૧૦ યજ્ઞ કુંડ પર બિરાજ્યા હતા. યજ્ઞમાં ચારેય વેદોમાંથી ચૂંટી કાઢેલા મંત્રોથી પધારેલા સૌએ પણ આહુતિ પ્રદાન કરી હતી. સૌના સાથ સહકાર મધુર લાગણીઓ ત્યાગ અને તપસ્યા સાથે નિસ્વાર્થ ભાવનાઓથી યજ્ઞ પરિપૂર્ણ કરવામાં આવ્યો હતો.

મુંબઈ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના ભૂ.પૂ. અધ્યક્ષ ગૌરી માહોલેકર, વક્તૃત્વ અકાદમીના અધ્યક્ષ પ્રો. ધીરેન્દ્ર રેલિયા દ્વારા આર્ષ કન્યા ગુરુકુળના આચાર્યા ડૉ. શિતલબેન પોકારને સન્માનપત્ર આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ શ્રી મીઠાઈલાલ તથ મંત્રી શ્રી અબ્રોલજીન સાથે પાટીદાર અગ્રણી અને આર્યવનના પ્રમુખ શ્રી મનસુખભાઈ ધનજી વેલાણી તથા ઉપપ્રમુખ શ્રી રતનશીભાઈ વેલાણી અને મંત્રી શ્રી જશવંતભાઈની હાજરીમાં અર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડૉ. શિતલબેને પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, આપ સૌનો સાથ અને આશિર્વાદ હશે તો આ માનવને સંસ્કારી માનવ બનાવવાળી માનવ માત્રને ઉપયોગી ,લુપ્ત થયેલી આપણી વૈદિક સંસ્કૃતિને ફરીથી નવપલ્લવિત કરવાના આપણા પ્રયાસને ઉત્સાહ સાથે સફળતા મળશે. આશરે ૧૫ વર્ષથી ઉપરની બહેનો, વેદ, દર્શન, સંસ્કૃત વ્યાકરણ વગેરે માનવ માત્રને ઉપયોગી મહર્ષિ દયાનંદ દ્વારા માન્યતા પ્રાપ્ત ગ્રંથોને નિઃશુલ્ક ભણાવવામાં આવશે.

માણસાઈનો દીવો માનવતા કન્યાને સુસંસ્કૃત અને ગૌશાળાના લાભાર્થે યોજેલા લોકસંસ્કૃતિના મધુર રસ થાળ પીરસવા માટે પધારેલા શ્રી ઉત્તમ છેડાએ એમની સર્વોત્તમ મધુરતા ભરી, કરૂણાસભર વેદના સાથે અપીલ કરતાં કહ્યું હતું કે, જો જો મોકો નહીં છોડતા પરસેવાની કમાણી પરસેવામાં જ વપરાય અને તેનો અનેરો આનંદ માણવા જેવો હોય છે. પુણ્યશાળી બની આત્માનો ઉદ્ધાર કરજો, ધર્મની જેટલી સારી વાતો અને સારા



ગ્રંથો , તે બધાંયનું મૂળ આ ચારેય વેદ છે. તેમણે વેદો તરફ પાછા વાળવા બદલ મહર્ષિ દયાનંદનો ધન્યવાદ કર્યો હતો.

આ પ્રસંગે દાતાઓ દ્વારા દાનની સરવાણી થઈ હતી. સૌ પ્રથમ દાતા અતિથિ નિવાસના રૂ.૫,૧૧,૧૧૧/- ઘાટકોપરના હરીભાઈ નથુ સોંધાણી, ઈશ્વરભાઈ વાલજી વેલાણી, વાડિયા પરિવારના મનસુખ પચાણ તથા પ્રેમજીભાઈ તથા સુભાષ જેઠાભાઈ, વાંચનાલય માટે રૂ. ૫,૧૧,૧૧૧/- પાર્વતીબેન મણીલાલ મુળજી સોંધાણી રૂ.૨,૫૬,૦૦૦/- માતૃશ્રી ડાહીબેન કરસન દિવાણી પરિવાર આ રીતે સતત દાતાઓની ચીઠ્ઠીઓ આવતી હતી.

આર્ષ કન્યા ગુરુકુળના સંયોજકનું એક સપના ની વાર્તા કહેતા શ્રી ઉત્તમભાઈએ કહ્યું કે, આ સપનામાં સંયોજકનું પરિવાર સાથે અકસ્માત થાય છે અને બધા સ્વર્ગમાં ઈન્દ્રરાજાના મહેમાન બની ને આપણા દેશની કડકડતી નોટોના બંડલ લઈ સ્વર્ગ લોકના મોલમાં ખરીદી કરવા જાય છે. મોલમાંથી અનેક સારી સારી વસ્તુઓ ખરીદી પૈસા ચૂકવવા જાય છે ત્યારે કાઉન્ટરવાળા કહે છે સાહેબ આ નોટો અહીં નહીં ચાલે આ તમારી નોટો તો પડોશીના દેશમાં પણ ચાલતી નથી, તે તમો સ્વર્ગમાં ચલાવવા આવ્યા છો - અમે ગયા ઈન્દ્ર પાસે અને ફરિયાદ કરી, તો ઈન્દ્ર રાજાએ જવાબ આપ્યો અહીં તો ભાઈ સાચી કમાણીનું ક્રેડિટ કાર્ડ ચાલશે. ગાયોને ઘાસચારો નાંખ્યો, દીકરીઓને ભણાવવામાં મદદ કરી, શાળા કોલેજ કે હોસ્પિટલોમાં મદદ કરી,વિદ્યાદાનમાં મદદ કરી હશે તે અહીં ચાલશે. આવો જવાબ સાંભળીને અમારા પરિવારની શાન ઠેકાણે આવી ગઈને ધબૂક દઈને પડ્યા અને ઉંઘ ઉડી ગઈ. પણ સ્વર્ગ લોકની કહાની સાંભળીને દાતાઓની મોટી યાદી તૈયાર થઈ ગઈ.

અનેક લોકગીતોના રસથાળ સાથે ઉત્તમ છેડાએ મન મરે માયા મરે... ગીત પછી તરત જ પ્રવેશ દ્વારા માટે રૂ. ૨૧,૧૧,૧૧૧/-ના દાતા તરીકે માતૃશ્રી કેશરબેન મેઘજી પોકાર પરિવારના લાલજીભાઈ અને જેન્તીભાઈએ માતબર દાનની ઘોષણા કરી હતી. માતૃશ્રી હીરાબેન ધનજી વાલજીજ પરિવારના પૌત્રીઓ વિદ્યા, આરતી, શ્રદ્ધા, ભક્તિ, ધર્મિષ્ઠા, સ્નેહા, પ્રાચી તથા પૌત્ર સુમિત, પૌત્રવધુઓ મનીષા, નેહા, પૂજા નિહારિકા અને તન્વી દ્વારા રૂ. ૧૩,૭૭,૭૭૭/- પરિવાર તરફથી ઘોષણા કરવામાં આવી હતી.

ભોજનાલયના મહત્વના રૂ. ૧૧,૧૧૧,૧૧૧/-ના દાતા તરીકે હંમેશા અન્નપુર્ણા સમિતિમાં ભગીરથ સેવા પુરી પાડતા માતૃશ્રી કંકુબેન વાલજીના સુપુત્રો દિવંગત્ મોહનભાઈ વાલજી વેલાણી અને મહેન્દ્ર વાલજી વેલાણીના પરિવાર ઉમળકાભેર તૈયાર થયા હતા. આચાર્ય નિવાસ માટે રૂ. ૧૧,૧૧૧,૧૧૧/-ના સંયુક્ત દાતા તરીકે માતૃશ્રી નયના રવિલાલ શીવગણ પોકાર તથા માતૃશ્રી લક્ષ્મીબેન શીવજી પોકાર પરિવારે જશ મેળવ્યો હતો. ડોમ્બીવલીથી પધારેલા લેખાબેન વિનોદ લિંબાણીએ રૂ. ૩,૦૦,૦૦૦/-ના ઘાટકોપરના પ્રસિદ્ધ સમાજ સેવક શ્રી લધાભાઈ વિશ્રામ પટેલ પરિવારના રૂ. ૨,૫૧,૦૦૦/- તથા દમયંતીબેન નરસિભાઈ સેંઘાણીએ રૂ. ૧,૫૧,૧૧૧/-ની ઘોષણા કરી હતી. વડીલોના કહેવાણી શિલાન્યાસ વખતેના દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

વિનોદભાઈ અને પરેશભાઈના સપનાનું પહેલું ફળ એટલે આર્ષ કન્યા ગુરુકુળના ખાત મુહૂર્તના રૂ. ૫,૧૧,૧૧૧/- ના દાતા માતૃશ્રી રતનબેન નાનજી હરજી પ્રેમજીયાણ પરિવાર, શિલાન્યાસના દાતા રૂ. ૧૧,૧૧,૧૧૧/- આચાર્યા શિતલબેના માતા-પિતા વિમળાબેન જશવંત નાનજી પોકાર તથા મામા-મામી લીલાબેન રતનશી દેવશી વેલાણી પરિવાર તથા કાર્યાલયના દાતા રૂ. ૨,૧૧,૧૧૧ની રઘુભાઈ વાલજી તથા શ્રી ગુણવંતભાઈ અને નરેશભાઈ નાનજી પોકાર પરિવાર તથા યજ્ઞ શાળાના રૂ. ૨૧,૧૧,૧૧૧/-ના દાતા માતૃશ્રી હીરાબેન ધનજી વાલજી વેલાણી પરિવાર તેમજ માતૃશ્રી મોંઘીબેન અરજણ વેલાણી પરિવાર તરફથી ઘોષણાઓ કરવામાં આવી હતી. અતિથિ નિવાસ માટે રૂ.૫,૧૧,૧૧૧/- શ્રીમતી સરસ્વતી લખમશી સેંધાણી તથા ગોરધનભાઈ માકાણી અને મુકેશ રંગાણી, તથા અતિથિ નિવાસ માટે રૂ. ૫,૧૧,૧૧૧/-ના દાતા શ્રી ભાઈલાલ ડાહ્યાભાઈ પટેલ તથા અધ્યાપક નિવાસ માટે રૂ. ૫,૧૧,૧૧૧/-ના દાતા શ્રી છગન દેવશી વાડિયા તથા સહયોગી નિવાસ રૂ. ૫,૧૧,૧૧૧/- ના દાતા માતૃશ્રી કાંતાબેન જીવરાજ કરસન વેલાણી તથા અનેક ભાઈ બહેનો રૂ.૧,૧૧,૧૧૧/-ના પ્રોત્સાહક દાતા તથા રૂ. ૫૧,૧૧૧/- ના સંરક્ષક દાતા બન્યા હતા તેઓનું પણ સાલ આપીને સન્માન કરવામાં આવું હતું.

કાર્યક્રમના અંતે પઠાણકોટ એરબેઝ ખાતે શહીદ થયેલા આપણા જવાનોને યાદમાં તેમના પરિવારજનોને હિંમત આપવા માટેની પ્રાર્થના કરતાં શ્રદ્ધાંજલિ આપીને રાષ્ટ્રગીત ગાઈને સૌએ મહાપ્રસાદ લીધો હતો.

આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ દ્વારા સંસ્થાને માતબર રકમનું દાન આપનાર તમામ દાતાઓનો આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો. તથા આગામી તા. ૮મી એપ્રિલના ૨૦૧૬ના રોજ યોજાનાર આર્ષ કન્યા ગુરુકુળના ઉદ્‌ઘાટન સમારંભમાં પરિવાર સહિત હાજર રહેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું એમ સંયોજક શ્રી વિનોદ ધનજી વેલાણી તથા પરેશ નાનજી પ્રેમજીઆણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## આર્ય કન્યા ગુરુકુળના ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિત રહેવા બાબા રામદેવને આમંત્રણ અપાયું



મુંબઈ ખાતે યોજાયેલી યોગ શિબિરમાં આર્ષ કન્યા ગુરુકુળના સંયોજક શ્રી વિનોદભાઈ વેલાણી, પરેશભાઈ પ્રેમજીયાણી તથા પથીકજીએ બાબા રામદેવજીની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન આર્ય વન વિકાસ ફાર્મ ટ્રસ્ટ દ્વારા શરુ કરવામાં આવી રહેલી આર્ષ કન્યા ગુરુકુળના ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિત રહેવા બાબા રામદેવજીને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું જેનો બાબા રામદેવજીએ હકારાત્મક પ્રત્યુતર પાઠવ્યો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આર્ષ કન્યા ગુરુકુળનો ઉદ્‌ઘાટન સમારંભ આગામી તા. ૮મી એપ્રિલ, ૨૦૧૬ના રોજ યોજાશે.

### વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ દ્વારા ઋગ્વેદ ભાષ્ય ભાગ-૪ (ગુજરાતી) નું પ્રકાશન

સહર્ષ આપ સૌના ધ્યાન પર લાવીએ છીએ કે આપ્તજનોના શુભાશિષથી આઠ વર્ષ પૂર્વે પ્રારંભ કરેલ ચાર વેદોનાં આઠ પુસ્તકોનાં ગુજરાતીમાં પ્રકાશનનું કાર્ય હવે અંતિમ ચરણમાં છે. સાત પુસ્તકોનું પ્રકાશન સંપન્ન થયેલ છે અને મહદ્અંશે સાત પુસ્તકોનું વિતરણ જન જન સુધી પહોંચે તેમ યોજનાબદ્ધ પ્રયત્નશીલ છીએ.

આઠમું પુસ્તક ઋગ્વેદ ભાષ્ય ( ચતુર્થ ખંડ ) પ્રકાશન માટે તૈયાર થઈ ગયેલ છે. જેથી સૌના સહકારથી આપની અપેક્ષાઓ પરિપૂર્ણ કરી શકીએ એવી જ પ્રભુ પ્રાર્થના.

ઈશ્વરીય વાણી વેદનો અધિક માત્રામાં, તીવ્ર ગતિથી જન-જન સુધી પ્રચાર થાય તથા લોકો વેદને વાંચે, સમજે તથા તદનુસાર આચરણ કરી સમાજમાં સુખી શાંતિની સ્થાપના કરે એ ઉદ્દેશ્યથી ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વેદભાષ્યનું પ્રકાશન કરવાની યોજના બનાવવામાં આવી હતી જેના અંતર્ગત યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ-૧ અને ૨, ઋગ્વેદ - ૧, ૨, ૩ ખંડનું પ્રકાશન સંપન્ન થયેલ છે. અને તે જ પ્રમાણે ઋગ્વેદ ભાષ્ય ( ચતુર્થ ખંડ ) નું પ્રકાશન પણ ભવ્ય રીતે કરવાનું કાર્ય ગતીમાં છે. એક પ્રતિની કિંમત ૫૦% છૂટની સાથે ૪૦૦ રૂા. રાખેલ છે. જે વ્યક્તિ/સંસ્થા અગ્રિમ ગ્રાહક બનશે તેને જ ૫૦% છૂટ આપવામાં આવશે અન્ય વ્યક્તિ/સંસ્થાને નહીં.

જે વ્યક્તિ/સંસ્થા આ અગ્રિમ ગ્રાહકનાં રૂપમાં સહયોગ કરવા ઈચ્છતી હોય તેઓ સત્વરે નીચે દર્શાવેલ સંપર્કસૂત્રનો સંપર્ક કરે.

★ વાનપ્રસ્થ સાધક આશ્રમ ★

આર્યવન-રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૩૦૭.
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭, ૨૯૧૫૫૫, ૯૪૨૭૦૫૯૫૫૦
Web : www.vaanaprastharojad.org•E-mail : vaanaprastharojad@gmail.com

### पुरोहितों की आवश्यकता

वानप्रस्थ साधक आश्रम, रोजड़, गुजरात में अखण्ड यज्ञाग्नि की अभूतपूर्व योजना में प्रतिदिन सूर्योदय से सूर्यास्त तक वेदमंत्रो से अग्निहोत्र किया जायेगा। इस योजना को शीघ्र ही क्रियान्वित करने के लिए दो पुरोहीतों की आवश्यकता है। पुरोहितों को भोजन आवास, समुचित व्यवस्था की जाएगी। योग्यता अनुसार मानधन (दक्षिणा) दिया जाएगा। इच्छुक महानुभाव निम्न पते पर शिघ्र सम्पर्क करें।

वानप्रस्थ साधक आश्रम

### વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ દ્વારા ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા (ગુજરાતી) નું પ્રકાશન

એ જણાવતાં હર્ષ થાય છે કે ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા ની માંગ વધતી જાય છે. એટલાં માટે ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકાનાં પ્રકાશનની યોજના ઘડેલ છે.

જે વ્યક્તિ આ પ્રકાશન કાર્યમાં અગ્રિમ ગ્રાહક બનવા ઈચ્છતા હોય તેઓ ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા ની ઓછામાં ઓછી ૧00 નકલો માટે અગ્રિમ ગ્રાહક બની શકે છે. ઓછામાં ઓછી ૧00 નકલોના અગ્રિમ ગ્રાહક બનનાર સંસ્થા/વ્યક્તિનાં નામ અને સરનામા આ આવૃત્તિમાં પ્રકાશિત કરવામાં આવશે.

પુસ્તકની કિંમત ૬0 રૂા. છે. પરંતુ જન-જન સુધી સ્વામી દયાનંદ કૃત આ અમૂલ્ય ગ્રંથનો વધારેમાં વધારે પ્રચાર-પ્રસાર થાય તે માટે પ્રચારાર્થ મૂલ્ય ૪0 રૂા. જ રાખેલ છે. જે વ્યક્તિ/સંસ્થા આ અગ્રિમ ગ્રાહકનાં રૂપમાં સહયોગ કરવા ઈચ્છતી હોય તેઓ સત્વરે નીચે દર્શાવેલ સંપર્કસૂત્રનો સંપર્ક કરે.

★ વાનપ્રસ્થ સાધક આશ્રમ ★

આર્યવન-રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૩૦૭.
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭, ૨૯૧૫૫૫, ૯૪૨૭૦૫૯૫૫૦
Web : www.vaanaprastharojad.org•E-mail : vaanaprastharojad@gmail.com

માલિક મુદ્રક પ્રકાશક અને તંત્રી હરીશ રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ, જી.આઈ.ડી.સી., સેક્ટર નં. ૨૮, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર -૨૧, જીલ્લો - ગાંધીનગર, ગુજરાત ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C., Sector No. 28, Gandhinagar PUBLISHED AT Plot No. 791/D/3, Panchsheel Park, Sector-21, Dist - Gandhinagar, Gujarat.